ગીતોભર્યું જીવન

: લેખન - સંપાદન :

રાજુ - દીપ્તિ

જેને
ગાવું હોય
તેને
ગીત
જડી રહે છે.



: પ્રકાશન અને પ્રાપ્તિ સ્થાન :

જીવનતીર્થ

જુના કોબા, તા.જિ. ગાંધીનગર - ૩૮૨૦૦૯

લોકગીતો

ઝૂલણ વણઝારી

મારી વાડીમાં રીંગણી - વાડીમાં રીંગણી
વાવી હાં રાજ ! ઝૂલણ વણઝારી.
મે તો રૂપાળાં રોપાં, રૂપાળાં રોપાં
રોપ્યા હો રાજ ! ઝૂલણ વણઝારી.
બેનં નાનકડાં રીંગણ !, નાનકડાં રીંગણા
આવ્યા હો રાજ ! ઝૂલણ વણઝારી.
મે તો સૂરજ દાદાને, સૂરજ દાદાને
નોતર્યા હો રાજ ! ઝૂલણ વણઝારી.
મે તો ચાંદા મામાનં, ચાંદ મામાનં
નોતર્યા હો રાજ ! ઝૂલણ વણઝારી.
અમે ખાંત ને કરીનં, ખાંત ને કરીનં
ખીધાં હો રાજ ! ઝૂલણ વણઝારી.

આપણા મલકમાં

આપણા મલકમાં માયાળુ માનવી,
માયા મેલીને મરી જાણું
મારા મહેરબાન, હાલોને આપણા મલકમાં
આપણા મલકમાં, ઉતારા ઓરડા
ઉતારા કરી ઘોડે ચડશો
મારા મહેરબાન..... હાલોને....
આપણા મલકમાં દાતણ દાડમી
દાતણ કરીને ઘોડે ચડજો
મારા મહેરબાન..... હાલોને....
આપણા મલકમાં ભોજન લાપશી
ભોજન કરીને ઘોડે ચડજો
મારા મહેરબાન..... હાલોને...
આપણા મલકમાં પોઢણ ઢોલિયા
પોઢણ કરીને ઘોડે ચડજો
મારા મહેરબાન..... હાલોને....

મધુમય

અનુકૂલ મધુમય પવન વહો, ને
વહો નદી મધુવારિ
વનસ્પતિ હો મધુમય
રાત્રિ-પ્રભાત મંગલકારી.
પૃથ્વીની રજ-માટી મધુર હો
સંધ્યા મધુ સુખકારી;
આકાશ પિતાસમ રહો વરસતું
મધુમય આશિષકારી.
વૃક્ષો મધુર ફળો દે અમને
સૂર્ય રહો સુખકારી;
ધેનુ અમારી સદા નરવી હો
મધુપયની દેનારી.
પ્રવૃત્તિ હો સકલ માહરી
મધુમય ને હિતકારી;
લક્ષ્ય - સાધ્ય હો સકલ મધુમય
વાણી મધુર ગુણવાળી.
હું સર્વાંગે હોઉં મધુમય
એ અભિલાષા મારી.
- શુક્લયજુર્વેદ અને અથર્વવેદ

કવિતા

હવે કવિતા એક કરવી
એક કરવી ?
એક કરવી ને જગતને મિષ્ટ ધરવી.
અક્ષરે અંકિત નહીં, અંતરમહીં
રોમરોમે શાંત વણવી;
જિંદગીમાં ના, અખિલ આ
જિંદગીને કાવ્ય કરવી.

- ચૉસ્પેચર

ગીતો ભર્યું જીવન

સ્વસ્થ જીવન માટે જેમ યોગ્ય આહાર વિહાર અને તેને પ્રાપ્ત કરવા માટેનું કૌશલ્ય જરૂરી છે, તેમ જીવનમાં થોડા ગીતોની પણ જરૂર છે. પ્રત્યેક વ્યક્તિને તે એકલો હોય ત્યારે ગણગણી શકે, મસ્તીમાં ઝૂમીને મિત્રો સાથે મોટેથી ગાઈ શકે, ક્યારેક આશ્વાસન - પ્રેરણા મેળવી શકે કે હૃદયના ઉદાત ભાવો વ્યક્ત કરી શકે તેવાં થોડાં ગીતો મળવા જોઈએ. બાળકોને તો ઢગલાબંધ રમૂજી, અભિનય-ગીતો મળવાં જ જોઈએ. અહીં એવાં થોડાંક ગીતો આપતાં આનંદ થાય છે.

બાળ શિક્ષણના ક્ષેત્રમાં ગીત-સંગીતનું એક આગવું જ સ્થાન છે. બાળગીતો બાલભોગ્ય, સરળ તાલ-લય અને શબ્દો વડે મઠારેલા હોય છે. જેથી બાળકો સમજી શકે, ગાઈ શકે અને આનંદ માણી શકે. આ ગીતો અભિનય સાથે, તાલ - લય અને સ્પષ્ટ અવાજ સાથે ગવાય - ગવડાવાય તો બાળકો ગીતમય બની જાય.

સંગીત દ્વારા બાળકો ઘણું શીખે છે. એક નવી જ અનુભૂતિ મેળવે છે. બાળકના વ્યક્તિત્વના વિકાસમાં ગીતોનો ફાળો માનીએ તેટલો ઓછો....

અમારા એક મિત્ર કહે છે - "ગીતોનાં તો ગળાં હોય, ચોપડીઓ ન હોય, ગીતો મોઢે હોવા જોઈએ." જુગતરામ દવેએ એક ગીત સંગ્રહમાં લખેલું તે અહીં પ્રસ્તુત કરી અમારી વાત પૂરી કરીએ છીએ.

"બાળકો અને પંખીડાઓ બન્ને જાણે કે એક જ દુનિયાનાં પ્રાણીઓ છે. આ ગીત-પંખીડાંઓ પણ એ જ અલૌકિક દુનિયાની વસ્તુઓ છે. રસિયાં બાલપ્રેમીઓ ! આ ગીત-પંખીડાંઓને તમારા મધુર કંઠો વડે સજીવન બનાવી બાલદુનિયામાં ઉડતાં કરી દેશો ?

આ પંખીડાઓની પાંખો તમારા કંઠોમાં છે."

પ્રેમાદર સાથે

રાજુ-દીપ્તિના પ્રણામ

પ્રાર્થના - ભજન- ધૂન

પ્રાણી માત્રને રક્ષણ

પ્રાણી માત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતા સમ સહુને;
પૂર્ણ અહિંસા આચરનારા, નમન તપસ્વી મહાવીરને.
જનસેવાના પાઠ શીખવ્યા, મધ્યમ માર્ગ બતાવીને;
સંન્યાસીનો ધર્મ ઊજાળ્યો, વંદન કરીએ બુદ્ધ તને.
એક પત્નીવ્રત પૂરણ પાળ્યું, ટેક વણી છે જીવતરમાં;
ન્યાય નીતિમય રામ રહેજો, સદા અમારા અંતરમાં.
સઘળાં કામો કર્યા છતાં જે, રહ્યા હંમેશાં નિર્લેપી;
એવા યોગી કૃષ્ણ પ્રભુમાં રહેજો અમ મનડાં ખૂંપી.
પ્રેમરૂપ પ્રભુ પુત્ર ઈશુ જે, ક્ષમાસિંધુને વંદન હો,
રહમ નેકીના પરમ પ્રચારક, હજરત મહમ્મદ દિલે રહો.
જરથોસ્તીના ધર્મગુરુની પવિત્રતા ઘટમાં જાગો;
સર્વધર્મ સંસ્થાપક સ્મરણો, વિશ્વશાંતિમાં ખપ લાગો.

મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો દયામય ! મંગલ મંદિર ખોલો.
જીવન વન અતિ વેગે વટાવ્યું, દ્વારે ઊભો શિશુ ભોળો;
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો, શિશુને ઉરમાં લ્યો...લ્યો
.....દયામય !
નામ મધુર તવ રટ્યો નિરંતર, શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર આવ્યો બાલક, પ્રેમ અમીરસ ઢોળો.
.... દયામય !

શુભ મંગલ હો શુભ મંગલ હો,
શુભ મંગલ મંગલ મંગલ હો...
નભ મંગલ ધરતી મંગલ હો,
ગતિ મંગલ હો સ્થિતિ મંગલ હો...
ધરતીના કણ કણ મંગલ હો,
જીવનની ક્ષણ ક્ષણ મંગલ હો....

ધર્મ અમારો

ધર્મ અમારો એક માત્ર એ, સર્વ ધર્મ સેવા કરવી,
ધ્યેય અમારું છે વત્સલતા, વિશ્વ મહીં એને ભરવી.
સકળ જગતની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું,
એ જ ભાવનાના અનુયાયી બનવાનું સહુને તેડું.
નાત-જાતના ભેદ અમોને લેશ નથી કાંઈ આભડતા,
દેશ-વેશના શિષ્ટાચારો, વિકાસ માટે નહીં નડતા.
નિર્ભય બનીને જાનમાલની પરવા કદીએ નવ કરીએ,
અમ માલિકીની વસ્તુનો મૂઢ સ્વાર્થ પણ પરિહરીએ.
બ્રહ્મચર્યની જ્યોત જગાવી સત્ય પ્રભુને મંદિરિયે,
જગ સેવાને આંચ ન આવે, એ વ્યવસાયો આચરીએ.
સદ્‌ગુણ સ્તુતિ કરીએ સૌની નિંદાથી ન્યારા રહીએ,
વ્યસનો તજીએ સદ્‌ગુણ સજીએ, ટાપટીપ ખોટી ત્યજીએ.
ખાવું-પીવું-હરવું-ફરવું, સૂવું જાગવું ને વદવું,
સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં, પાપ વિકારોથી ડરવું.
છતાં થાય ગફલત જે કાંઈ તે, ક્ષમા માગી હળવા થઈએ,
સર્વ ક્ષેત્રમાં રહીએ તો પણ, આત્મભાન નહીં વિસ્મરીએ.

તું તારા દિલનો દીવો થા

તું તારા દિલનો દીવો થાને ઓરે ! ઓરે ! ઓ ભાયા.
રખે કદી તું ઉછીનાં લેતો પારકાં તેજ ને છાયા
એ રે ઉછીનાં ખૂટી જશે ને રહી જશે પડછાયા.... ઓરે !
કોડિયું તારું કાચીમાટીનું, તેલ દીવેટ છૂપાયાં
નાની શી સળી અડી ન અડી પરગટશે રંગ માયા.... ઓરે!
આભમાં સૂરજ ચંદ્ર ને તારા મોટા મોટા તેજ રાયા
આતમનો તારો દીવો પેટવવા તું વિણ સર્વ પરાયા.. ઓરે!

સાચી વાણીમાં શ્રીરામ
સાચા વર્તનમાં શ્રીરામ,
જન સેવામાં પામીશું
પ્યારા રામ રામ રામ.

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોનાં ચરણકમલમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે.
દીન, ક્રૂર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરૂણા ભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું.
ચિત્રભાનુની ધર્મભાવના, હૈયે સહુ માનવ લાવે,
વેર ઝેરનાં પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે.

વૈષ્ણવજન

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે...
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ, કાછ, મન-નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે...
સમદ્રષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે...
મોહ માયા વ્યાપે નહીં જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે...
વણલોભી ને કપટરહિત છે, કામક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દરસન કરતાં, કુળ એકોતેર તાર્યા રે...

આંખો પવિત્ર રાખ સાચું તું બોલ,
ઈશ્વર દેખાશે તને પ્રેમળનો કોલ;
સત્ય એ જ પરમેશ્વર બાપુનો બોલ,
તારામાં પરમેશ્વર છે કે નહિ શોધ.



સંસ્કૃત પ્રાર્થના

ईशावास्यम् ईदम् सर्वम् यत् किंम् च जगत्याम् जगत्
तेन त्यक्तेन भुंजीथाः मा गृधः कस्यस्विद् धनम् ॥

या कुन्देन्दु-तुषार-हार-धवला या शुभ्र-वस्त्रावृता ।
या वीणा-वरदंड मंडित करा या श्वेत पद्मासना ॥
या ब्रह्माच्युत शंकर प्रभुतिभिर् देवैः सदा वन्दिता ।
सा मां पातु सरस्वती भगवती निःशेष जाड्या पहा ॥

गुरू ब्रह्मा, गुरू विष्णु , गुरू देवो महेश्वरः
गुरू साक्षात् परब्रह्म तस्मै श्री गुरवे नमः ॥

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया
सर्वे भद्राणी पश्यन्तु मा कश्चिद् दुखम् आप्नुयात् ॥

॥ ओम् शांतिः शांतिः शांतिः ॥



सब के लीये खुला है

सब के लीये खूला है, मंदिर है यह हमारा
मतभेद को भूलाता, मंदिर है यह हमारा...
आवो कोई भी पंथी, आवो कोई भी धर्मी
देशी विदेशीओंका मंदिर है यह हमारा...
संतोकी ऊंची वाणी, पढते हैं मंत्र उसमें
चाहता भला सभीका, मंदिर है यह हमारा...
मानवका धर्म क्या है, मिलती है राह ईसमें
मानव बनेंगे हम सब, प्रण है यही हमारा...
आवो सभी मिलेंगे, बैठेंगे प्रार्थनामें
तुकडया कहे अमर है, मंदिर है यह हमारा....

गांधी गौतम ईशु ने राम
सौ संतोने करूं प्रणाम

પ્રકૃતિ પ્રાર્થના

હે ... જ્યોતિમંય આઓ
મેરે વન કે હર પલ્લવ પર અપના તિલક લગાઓ. હે...
ઉસ ગિરિવર કે પછી સે તુમ નિત ઉપરકો આતે
અપની કિરણોં સે ક્ષણ ભરમેં ઘાટીકો ભર જાતે. હે...
મેરી ઈસ કુટિ કે કોનેમેં અપના સ્પર્શ કરાઓ.
તુમ આતે હી હર તિનકેમેં પ્રાણ નયા આતા હૈ,
વન પંછી ગાને લગતે હૈં, ઝરના ભી ગાતા હૈ. હે...
મેરે ઈસ સુને અંતરમેં પ્રાણ જગાતે જાઓ. હે...
ચંદ્ર બહુત હૈ તવ ઉપકાર(૨) રાત કાટતા તૂ અંધકાર. ચંદ્ર..
પૂર્ણ કલા જબ તૂ હો જાતા, સૃષ્ટિ પર પૂરા લૂટ જાતા.
શૂન્ય કલા જબ તૂ હો જાતા, નભમેં આત્મ સમર્પણ કરતા.
તારે ગાયેં તવ જયકાર,પ્રેમ સમર્પણ કા જયકાર. ચંદ્ર..
ભૂમિ સ્નેહમયી માતા, પુષ્ટિ દાત્રી વસુંધરા;
જો દેતા બીજ હૈ એક, ઉસે દેતી અનેકધા.
જો તુઝે પદ સે છૂએ, સ્નેહ સે કરતી ક્ષમા,
તેરી કૃપા ન ભૂલેંગે, તેરી સેવા કરેં સદા.
સૂર્ય સા સત્ય.. ચંદ્ર સા પ્રેમ.. પૃથ્વી સી કરુણા..
હૃદય મેં સદા.. વિકસતે રહો..
સત્ય પ્રેમ કરુણામય પ્રભો.

આટલું માગું

આટલું માગું પ્રભુ હું આટલું માગું
કાંટા ને કાંકરા અળગા કરીશ ના
વજશો દેહ તારી પાસે માગું.... આટલું માગું
ઘોર અંધારે દીવો ધરીશ ના
વિવેક દૃષ્ટિ તારી પાસે માગું
જીવનના જંગલમાં ભોમિયો બનીશના
સાહસ ને ધૈર્ય તારી પાસે માગું....આટલું માગું

રાજ્ય માંગુ નહિ, સ્વર્ગ માંગુ નહિ
મુક્તિ કી નિંદ મેં ક્યા મજા હૈ ?
દીન કે દુઃખ ભવ ભવ મિટાતા રહું
દીનબંધુ ! યહી વર દે મુઝે.

સર્વધર્મ પ્રાર્થના

ઓમ્ તત્ સત્ શ્રી નારાયણ તૂ, પુરુષોત્તમ ગુરુ તૂ
સિધ્ધ-બુધ્ધ તૂ, સ્કન્દ વિનાયક સવિતા પાવક તૂ
બ્રહ્મ મજદ તૂ, યહા શકિત તૂ, ઈશુ પિતા પ્રભુ તૂ
રુદ્ર વિષ્ણુ તૂ, રામ કૃષ્ણ તૂ, રહીમ તાઓ તૂ
વાસુદેવ ગો-વિશ્વરૂપ તૂ, ચિદાનન્દ હરિ તૂ
અદ્વિતીય તૂ, અકાલ નિર્ભય, આત્મલિંગ શિવ તૂ
ઓમ તત્ સત્ શ્રી નારાયણ તૂ, પુરુષોત્તમ ગુરુ તૂ

કરો રક્ષા વિપદ માંહી

કરો રક્ષા વિપદ માંહી ન એવી પ્રાર્થના મારી
વિપદથી ના ડરું કો'દી પ્રભુ એ પ્રાર્થના મારી....
ચહું દુઃખ તાપથી શાંતિ ન એવી પ્રાર્થના મારી
ચહું દુઃખો શકું જીતી, પ્રભુએ પ્રાર્થના મારી
મને છળ હાનિથી રક્ષો, ન એવી પ્રાર્થના મારી
ડગું ન આત્મ-પ્રતીતિથી, પ્રભુએ પ્રાર્થના મારી.
તું લે શિર ભાર ઉપાડી, ન એવી પ્રાર્થના મારી
ઉપાડી હું શકું સહેજે, પ્રભુ એ પ્રાર્થના મારી....
પ્રભો ! તું પાર ઉતારે, ન એવી પ્રાર્થના મારી
તરી જાવા ચહું શકિત, પ્રભુ એ પ્રાર્થના મારી
સુખી દિને સ્મરું ભાવે, દુઃખી અંધારરાત્રીએ
ન શંકા તું વિશે આવે, પ્રભુએ પ્રાર્થના મારી.

- રવિન્દ્રનાથ ટાગોર



યહ નહી તેરા, યહ નહીં મેરા
ઈશ્વરકા યહ રાજ હૈ.. યહ
ઈશ્વરકા જલ, ઈશ્વરકા સ્થલ
ઈશ્વર કા હી અનાજ હૈ.. યહ
બીન શ્રમ ખાવે ચોર કહાવે
ગીતા કી આવાઝ હૈ... યહ

દોહરા

સોબતમાં સુધર્યો નહિ, વ્રાકે બડે અભાગ;
સોબતસે બિગડ્યો નહિ, વાકે બડે સુભાગ.

મોતી કણ મોઘાં કિયો સોંઘો કિયો અનાજ;
તુલસી તબ મેં જાનિયો, હરિ હે ગરીબનિવાજ.

તુચ્છ ગણી તજિયે નહીં; એ પણ આપે સાહ્યઃ
મીંડું દસ પર મેલતાં, સંખ્યા સોની થાય.

કલિજુગ કહે છે જગત પણ, કરજુગ એનું નામ;
આંહીનું કળ આંહી મળે, એવું છે આ કામ.

ઘર સળગ્યાં બીજાં થશે, વન સળગ્યાં ઓલાય;
પણ મન સળગ્યાં તે ઠારતાં, સાગર સુકાઈ જાય.

ધન ગયેલું સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગઈ વેળા આવે નહીં, ને ગયા ન આવે પ્રાણ.

વન શોભે વૃક્ષો થકી, તન શોભે જો સાફ;
ધન શોભે છે ધર્મથી, મન તુજ કરતાં માફ.

ઈચ્છે જેવું અવરનું, તેવું આપણું થાય;
કર્યું ન હોય તો કરી જુઓ, જેથી તુરત જણાય.

તુલસી ધીરજ મન ધરો, હાથી મનભર ખાય;
ટુકડા અન્ન કે કારણે, શ્વાન ઘરોઘર જાય.

અક્કલ ઉધારે ના મળે, હેત ન હાટ વેચાય;
રૂપ ઉછીનું ના મળે, પ્રીત પરાણે ન થાય.

સહસ્ત્ર છે સુખ સંપનાં, પમાય પાકો પાર;
સંઘરે કીડી સંપથી, કણ કેરા કોઠાર.

જોડકણાં

(૧) વહેલી સવારે ઊઠે છે
સંધ્યા ટાણે ડૂબે છે
સૌને ગરમી આપે છે
બોલોભાઈ એ કોણ છે ?
એ તો સૂરજદાદા છે !

(૨) રાત પડે ને આવે છે
ચાંદની ખિલાવે છે
તારાની સેના લાવે છે
બોલોભાઈ એ કોણ છે ?
એ તો ચાંદામામા છે !

(૩) ઝાડે ઝાડે કૂદે છે
માણસ જેવું રૂપ છે
હૂપ હૂપ કરતો બોલે છે
બોલો ભાઈ એ કોણ છે ?
વાંદરાભાઈ, વાંદરાભાઈ

(૪) ચૂં ચૂં ચૂં ચૂં કરું છું
ઘરમાં બધે ફરું છું
બિલ્લી દેખીને ડરું છું
બોલો મારું નામ શું ?
ઉંદરભાઈ, ઉંદરભાઈ !

(૫) હવા કરતાં હલકો છું
રંગે બહુ રૂપાળો છું
થોડું ખાઉં તો ધરાઈ જાઉં
ઝાઝું ખાઉં તો ફાટી જાઉં
બોલો મારું નામ શું ?
ફુગ્ગો....ફુગ્ગો !

(૬) ઝાડે મોટી જટા છે
હિંચકવાની મઝા છે
લાલ લાલ ટેટા છે
બોલો ભાઈ એ કોણ છે ?
એ તો વડદાદા છે !

રૂપ નથી રંગ નથી
જોતાં જરી આંખ ઠરે
એવું એકે અંગ નથી
એક વેંતની પૂંછડી ને
અડધી વેંતના કાન
મૂઠી જેવડું મોઢું એનું
ચાવે કડવાં પાન !
વાંકી વાંકી ડોક કરે
ને વાંકુ કરે મોં
ઉંચા નીચા ઢેકા કરે
એનું નામ કહો

ઉંટ

ધોળો ધબ,
લાંબો લબ,
મચ્છી દેખી કરે ગબ,
એનું નામ બગલો,
જાણે રૂનો ઢગલો.



ગમ્મત ગીતો / રમૂજ ગીતો



ફુગ્ગો પાળ્યો છે

ભાઈ ભાઈ ભાઈ મેં તો ફુગ્ગો પાળ્યો છે
કોઈ પાળે કુરકુરિયું અને કોઈ પાળે ગાય
એ ભાઈ (૩) મેં તો ફુગ્ગો પાળ્યો છે
ફુગ્ગામાંથી બને કબૂતર
ફુગ્ગામાંથી ચક્કો....
ફુગ્ગામાંથી બને જોકર
એને માથે ટક્કો....
દોરી બાંધી ઉડાડીએ તો અધ્ધર અધ્ધર જાય.
એ ભાઈ ભાઈ ભાઈ મેં તો....
પપ્પુડા પર ફુગ્ગો બાંધુ તો વાજું એ થઈ જાય
એ પેં પેં પેં પેં થાય....
પૈડાં પર જોડું તો મારી સાયકલ સ્કુટર થાય
ફટ ફટ ફટ ફટ થાય....
ખીસ્સામાં મૂકું તો છાનો માનો બેસી જાય...
એ ભાઈ ભાઈ ભાઈ મેં તો....

અમથાજીને એવી ટેવ

અમથાજીને એવી ટેવ,
રોજ બનાવે ઘઉંની સેવ.
નાખે દૂધ સાકર ને ઘી,
ભરે તપેલી આખીજી.
લઈને સેવ તપેલીમાં
અમથો બેસે ડેલીમાં,
એકલો એકલો ખાતોજી
ભાગ ન કોઈને આપેજી
મનમાં રાજી થાતો જી.
છોકરા જુવે ટગર ટગર
અમથો ઝાપટે ચગર ચગર.
એક દી છોકરા ભેગા થયા
અને ઉજાણી કરવા ગયા.
થેલો લઈને માથેજી
અમથો ચાલ્યો સાથેજી.
ઝાડવાં ઉપર વાંદરા રમે,
છોકરાં નીચે બેસી જમે.
એક વાંદરો સરરર સટ
નીચે ઉતરી આવ્યો ઝટ,
અમથો એવો બીધો રે
થેલો ફેંકી દીધો રે.
તે લઈને વાંદરો ભાગ્યો રે
વાંદરો સેવ ઉડાવે રે.
છોકરા કહે તું અમથા
ચાલ, અમારી સાથે ખા.
અમથો કહે કે મારી ભૂલ
કંજૂસાઈ કરું કબૂલ.
થેલો ગયોને સેવ પણ ગઈ
એકલા ખાવાની ટેવ પણ ગઈ.

જયપુરના રાજાની વાહ રે વાહ



જયપુરના રાજાની વાહ રે વાહ
જયપુરના રાજાની, રાણીની વાહ રે વાહ
જયપુરના રાજાની, રાણીની, કુંવરીની વાહ રે વાહ
જયપુરના રાજાની, રાણીની, કુંવરીની, દાસીની વાહ રે વાહ
જયપુરના રાજાની, રાણીની, કુંવરીની, દાસીની, દીકરીની વાહ રે વાહ
જયપુરના રાજાની, રાણીની, કુંવરીની, દાસીની, દીકરીની, બિલાડીની વાહ રે વાહ
જયપુરના રાજાની, રાણીની, કુંવરીની, દાસીની, દીકરીની, બિલાડીના બચ્ચાંની વાહ રે વાહ
જયપુરના રાજાની, રાણીની, કુંવરીની, દાસીની, દીકરીની, બિલાડીના બચ્ચાંની પૂંછડીની વાહ રે વાહ
જયપુરના રાજાની, રાણીની કુંવરીની, દાસીની, દીકરીની, બિલાડીના બચ્ચાંની પૂંછડીના ટોપકાંની વાહ રે વાહ
જયપુરના રાજાની, રાણીની, કુંવરીની, દાસીની, દીકરીની, બિલાડીના બચ્ચાંની પૂંછડીના ટોપકાંના વાળની વાહ રે વાહ
જયપુરના રાજાની, રાણીની, કુંવરીની, દાસીની, દીકરીની, બિલાડીના બચ્ચાંની પૂંછડીના ટોપકાંના વાળની ટોચની વાહ રે વાહ
જયપુરના રાજાની, રાણીની, કુંવરીની, દાસીની, દીકરીની, બિલાડીના બચ્ચાંની પૂંછડીના ટોપકાંના વાળની ટોચના ગીતની વાહ રે વાહ

ટમેટાં ટમેટાં

ટમેટાં ટમેટાં... અમને આપો થોડાં
એક પછી એક આવો નહિતર થઈ જશો મોડાં
એક ટમેટું એવું મારું... રોજ રોજ રડતું
એં એં એં.... ટેં ટેં ટેં....
'કહોજી તમને ગમતું ?' "ના....ના....ના....."
એક ટમેટું એવું મારું... રોજ રોજ લડતું
ઢીશુમ્ - ઢીશુમ્
બટકાં ભરતું, ચીટીયા ભરતું

'કહોજી તમને ગમતું ? ' "ના....ના.....ના....."
એક ટમેટું એવું મારું રોજ રોજ હસતું
હી...હી...હી...! હા...હા હા....!
'કહોજી તમને ગમતું ? ' "હા....હા....હા....."

વાહ ભઈ' વાહ રે વાહ ભઈ'વાહ

વાહ ભઈ' વાહ રે વાહ ભઈ'વાહ !
નાનાં નાનાં છોકરાં(૨) બેસી જાઓ, ઉભા થાઓ
આંખો મીંચો ને ઉઘાડો
મીઠું મીઠું હસો જરા.... નાનાં નાનાં...
ધીમે ધીમે તાળી દેજો, એકી સાથે તાળી દેજો
નીચાં વળજો, સીધાં થાજો
ચપટી વગાડો, પગ ઠમકાવો, નાચો કૂદો, ખૂબ આનંદો
કેવી મઝા ! ભ'ઈ કેવી મઝા ! નાનાં નાનાં ...
બેસી જાઓ છોકરાં, ઉભા થાઓ છોકરાં
ડાહ્યાં ડમરાં છોકરાં, વંદન કરજો છોકરાં
ભાગી જાજો છોકરાં..... નાનાં નાનાં ...

ખીર ખાશું

આપણે તો ભાઈ ખીર ખાશું.
કેટલી ખીર ખાશું ?
ચમચી (૫) ભરીને ખાશું.
'ચમચી પૂરી થાય ?' "ના થાય."
ચમચો (૫) ભરીને ખાશું.
'ચમચો પૂરો થાય ?' "ના થાય."
વાટકી (૫) ભરીને ખાશું.
બહુ ભૂખ લાગી. 'વાટકી પૂરી થાય ?' – " ના થાય."
વાટકો (૫) ભરીને ખાશું.
બહુ ભૂખ લાગી. ખીર બહુ સારી. 'વાટકો પૂરો થાય ?' "ના થાય."
તપેલી (૫) ભરીને ખાશું.
આટલાં બધા લોકો. 'તપેલી પૂરી થાય ?' " ના થાય."
તપેલું (૫) ભરીને ખાશું. બહુ ભૂખ લાગી. 'તપેલુ પૂરું થાય ?' " ના થાય."
ટોપ (૫) ભરી ખાશું.
બહુ ભૂખ લાગી ખીર બહુ સારી
'ટોપ પૂરો થાય ?' " ના થાય."
કોઠી (૫) ભરીને ખાશું.
આટલા બધાં લોક, કોઠીનું મોં નાનું,
ધડમ ધડાક (૨), ધક્કા મારીને ખાશું.
આપણે તો ભાઈ ખીર ખાશું.

પશુ- પક્ષી ગીતો

કાબરબેન કલબલિયાં



કલબલિયાં કાંઈ કલબલિયાં (૨) કાબરબેન કલબલિયાં
ડાળે ડાળે કૂદતાં ફરતાં કાબરબેન કલબલિયાં...
માળો બાંધે ભીંતમાં ને છાપરાની નીચે
માથાને ડોલાવતાં ને આંખો કેવી મીંચે
જાત જાતનાં અવાજ કરતાં કાબરબેન કલબલિયાં...
આંખે પીળી કોર છે ને પગ તેના પીળા
પીળા રંગની ચાંચ છે ને ખૂબ છે મોજીલાં
ઉડે ત્યારે અવાજ કરતાં કાબરબેન કલબલિયાં..
જંપે ત્યારે જોડે બેસી કટ કટ કેવું બોલે
વડલાના ટેટાઓ ખાતા ડાળે બેસી ડોલે
વહેલાં જાગે કલબલ કરતાં કાબરબેન કલબલિયાં....



વાંદરટોળી

વડલા ડાળે વાંદરટોળી કરતી હૂપાહૂપ
છાનોમાનો જોયા કરું થઈને ચૂપાચૂપ
એક મોટો બુઢિયો વાનરનો સરદાર
એની પાછળ નાનામોટા વાંદરા છે દસબાર
છાપરાં કૂદે, કૂદે અગાશી એવાં એ બહાદૂર...છાનોમાનો૦
લીમડાની એ ખાય લીંબોળી વડના ખાયે ટેટા
આંબે કેરી ખાઈ ખાઈને ગોટલા નાખે હેઠા
ઠેકડા મારે ખાય ગુલાંટો કરતાં ઝૂંટાઝૂંટ...છાનોમાનો૦
એક વાંદરી જૂ વીણીને ઝટપટ મોંમાં નાખે
મમ્મી પેઠે વહાલ કરીને છાતીએ ચાંપી રાખે
માણસ જેવું રૂપ છે એનું કેવું આબેહૂબ....છાનોમાનો૦

- ગોવિંદભાઈ પરીખ

પ્રકૃતિ ગીતો

ધીમે ધીમે આવજે પવન

ધીમે ધીમે ધીમે ધીમે આવજે પવન,
ચૂંદડી અમારી ઊડી ઊડી જાય.
કેસરિયા રંગની ચૂંદડી અમારી,
જાણે ઉષાની ઉઘડતી બારી,
મંદ મંદ ગીત તું ગાજે પવન... ચૂંદડી.
ઝૂમે છે ફૂલડાં ને ઝૂમે છે ડાળીઓ,
ફરફરતાં પાંદડાં પાડે છે તાળીઓ,
મલકંતી માલતી ફેલાવજે સુગંધ... ચૂંદડી.
તારો મધુર સૂર ડુંગરાની ધારે,
મસ્ત બની ઘૂમતો નદીઓને આરે,
કોયલ તો કંઠ તું સુણાવજે પવન... ચૂંદડી.
રંગ નહીં, અંગ નહીં, તું તો દેખાય નહીં,
તારા તે ગીતથી હેયું ધરાય નહીં,
ફૂલોની સુગંધ તું લાવજે પવન.. ચૂંદડી.

ચાંદલો ગમે

મને આભલે ચમકતો ચાંદલો ગમે,
એની આસપાસ નાના-મોટા તારા રમે....મને૦
મને શિયાળે સૂરજનો તડકો ગમે,
એની આસપાસ મારો પડછાયો રમે....મને૦
મને ઉનાળે સંધ્યાની સોબત ગમે,
એની આસપાસ લાલ પીળા રંગો રમે....મને૦
મને ચોમાસે વીજના ચમકારા ગમે,
એની આસપાસ ઘનઘોર વાદળ રમે....મને૦
મને ધરતીના ખોળે ઊગ્યા છોડવા ગમે,
એની આસપાસ પાંદડાં ને ફૂલો રમે....મને૦
મને માનવ-મહેરામણના મેળા ગમે,
એની આસપાસ નાનાં મોટાં છોરાં રમે....મને૦

- જયંત શુકલ

ફૂલડાંનો ફાલ

ખીલ્યો આ બાગ મારો
ખીલ્યો આ બાગ;
બેઠો આ ખિલખિલ ફૂલડાંનો ફાલ.
ખીલી આ માલતીને ખીલી ચંબેલડી
ખીલ્યું આ પારિજાત કેસરિયા ગાલ,
બેઠો આ ખિલખિલ ફૂલડાંનો ફાલ.
ખીલી આ જાઈ અને જૂઈ, તણી બેલડી
ખીલી આ મોગરાની રૂપેરી માળ
બેઠો આ ખિલખિલ ફૂલડાંનો ફાલ.
સૂરજમુખીને વળી ખીલી કરેણ આ
ચંપાની કળીઓ આ કોમળ રસાળ
બેઠો આ ખિલખિલ ફૂલડાંનો ફાલ.
ખીલ્યો આ કેસૂડાની મ્હેકતી સુગંધને
પોયણાનો ઠેરઠેર બાંધી છે પાળ
બેઠો આ ખિલખિલ ફૂલડાંનો ફાલ.
ખીલ્યો આ બાગ, મારો સૂરજ મુખીડો
ચૂમે એ ફુલડાંના સોનેરી ગાલ
બેઠો આ ખિલખિલ ફૂલડાંનો ફાલ...

ઓ પોપટ ચકલાં પારેવાં

ઓ પોપટ ચકલાં પારેવા, તમે કેવા સુંદર વાહ રે વાહ
તમે ઊંચા આભમાં ઊડી શકો
તમે ડાળે ડાળે ઝૂલી શકો
તમે પાણીને ઝુંગર ખૂંદી શકો.... ઓ પોપટ
ઓ કમળ કેતકી કેસૂડાં.... કેવા સુંદર વાહ રે વાહ
તમે જન્મ્યાં ત્યાંથી સુંવાળા
તમે અંગે અંગે રૂપાળાં
જાણે છેલછબીલા છોગાળા.... ઓ પોપટ
ઓ ઝરણાં સરોવર સરિતા... કેવા સુંદર વાહ રે વાહ
તમે માનવ કેરો મન હરતાં
તમે નવલા નવલાં રૂપ ધરતાં
તમે કલરવ કલરવ રેલ કરતાં.... કેવા સુંદર વાહ રે વાહ
ઓ પોપટ ચકલાં પારેવા...

ઋતુ ગીતો

કારતક માગસર ,પોષ મહા, ઠંડો શો શિયાળો અહા,
ફાગણ ચૈતર વૈશાખ જેઠ, ઉનો એ ઉનાળો લેખ.
અષાઢ શ્રાવણ ભાદર આસ, ચોમાસું આવ્યું આ હાશ !
- દેશળજી પરમાર

શિયાળો

શિયાળે શીતળ વા વાય,
પાનખરે ઘઉં પેદા થાય.
પાકે ગોળ કપાસ કઠોળ,
તેલ ઘરે ચાવે તંબોળ.
ઘરે શરીરે ડગલી શાલ,
ફાટે બાળક તણા પગ ગાલ.
ઘટે દિવસ ઘણી મોટી રાત,
તનમાં જોર મળે ભલી ભાત.



બળતા બપોરમાં

બળતા બપોરમાં, વાતા વંટોળમાં,
રાયણની કોકડી ખઈ,
હાં રે અમે વનમાં ભટકતા ભઈ !
બળતા બપોરમાં, વાતા વંટોળમાં,
કેરી કપુરિયા ખઈ,
હાં રે અમે વનમાં ભટકતા ભઈ!
બળતા બપોરમાં, વાતા વંટોળમાં,
વડલાને છાંયડે જઈ,
હાં રે અમે ખાતા'તા રોટલો ને દહીં !
બળતા બપોરમાં, વાતા વંટોળમાં,
નાના ગોવાળિયા થઈ,
હાં રે અમે ગાયો ચરાવતા ભઈ !
બળતા બપોરમાં, વાતા વંટોળમાં,
વડલાને છાંયડે જઈ,
હાં રે અમે પાવો વગાડતા ભઈ !
- મૂળજીભાઈ ભક્ત



વાદળ વરસો

વાદળ, વાદળ, વરસો પાણી !
મુજને મોજ પડે રમવાની ! ....વાદળ૦
રૂમઝૂમ વરસો, રૂમઝૂમ વરસો,
ઝીણું ઝીણું, ઝરમર વરસો,
મોજ પડે ફોરાં ઝીલવાની...વાદળ૦
ઠંડક, ઠંડક, થાય મારે તન
ઠંડક, ઠંડક, થાય મારે મન,
જાય નાસી ગરમીની રાણી,
વાદળ, વાદળ વરસો પાણી.
- ઈશ્વરલાલ દેસાઈ

મેહુલિયાના વધ્યા તોફાન

હે....મેહુલિયાના વધ્યા તોફાન
નીકળે છે હાય રે મારો તો જાન....મેહુલિયા.
ધોધમાર એ તો વરસ્યા કરે,
ગરજે વાદળ વીજ ચમકયા કરે....મેહુલિયા.
કીચડ થાય બહુ લપસી જવાય
મેલાં તે કપડે કેમ સ્કૂલે જવાય....મેહુલિયા.
રેઈનકોટ પહેરું તો ટોપી ઉડી જાય,
પવનમાં છત્રીનો કાગડો થાય....મેહુલિયા.
વરસ્યો ઘણું તું હવે ખમ્મા તો કર,
જાને શોધી લે ભાઈ બીજું તો ઘર....મેહુલિયા.

ઉત્સવ ગીતો

રક્ષાબંધન

સોનેરી છાબડીમાં રૂપેરી ફૂલ
ભાઈ મારો શોભે છે મોંઘેરે મૂલ.
આંખો તો ભાઈની કેવી મલકાય ?
ચાંદો-સૂરજ જેમ આભે સોહાય.
નીતરતી ચાંદનીમાં અમૃતની ધાર,
ભાઈને ગળે શોભે સોનાનો હાર.
ઊછળતા સાગરનાં જેવાં રતન,
શોભે છે ભાઈનાં એવા તનમન.
રક્ષાબંધને બેન હેતે છલકાય,
ભાઈલાને જોઈ જોઈ ઓવારી જાય.

- કાન્તિ કડિયા

આવી હોળી

તાક ધીના ધીન ધીન ધીન ધીન
આવ્યો રંગબેરંગી દિન.
તા થઈ તા થઈ તાતા થઈ,
દોડે સૌ પિચકારી લઈ.
સા....રે...ગ...મ...પ...ધ...ની...
સંતાઈ ગઈ ક્યાં મુન્ની !
સા...ની...ધ...પ...મ..ગ...રે....
રંગ છાંટતાં અરે ! અરે !
રંગ - રંગની આવી ટોળી,
આવી આજે હોળી !
હોળી આવી
હોળી આવી
આવી આજે હોળી

- કાન્તિ કડિયા



સર્....સર્....

સર્ સર્, સર્ સર્ સર્ર સર્ર
મારી પતંગ ઉડે આકાશે
બારી, અટારી, અગાશી થઈને
વાદળ પાસે જાશે.... સર્
ઘડી ઉપર એ જાય
ઘડી નીચે એ જાય
ઘડી ગોળ ગોળ ગોથાં પણ ખાય
એમ એમ કરતાં ધરતી આભની
મીઠી સફર કરાશે.... સર્
ઘડી ઝાડમાં ફસાય
થાંભલામાં અટવાય
ઘડી ચટ્ થઈને એ નીચે પડી જાય
પડતાં પડતાં તોફાની ટોળીના
હાથે એ ઝલાશે..... સર્
ઘડી પેચ લગાવાય
ઘડી કટ્ટ કરાય
ઘડી ઢી....લ મૂકીને આંચકા મરાય
બીજી પતંગને કાપશે કાં તો
પોતે ક્યાંક કપાશે.... સર્

મેળો

ચાલો જોવા જઈએ મેળો
ચાલો જોવા જઈએ...
મેળામાં મઝા કરીશું ચાલો જોવા જઈએ.
મેળામાં જઈ શું શું કરશું?
ચગડોળે બેસીને ફરશું.... ચાલો.
મેળામાં જઈ શું શું લઈશું?
બેન માટે બંગડી લઈશું,
ભઈલા માટે ફુગ્ગો લઈશું.
મમ્મી માટે શું શું લઈશું ?
મમ્મી માટે મીઠાઈ લઈશું,
પપ્પા માટે પાકીટ લઈશું .
દાદા માટે શું શું લઈશું.?
દાદા માટે ટોપી લઈશું,
દાદી માટે ચશ્મા લઈશું.... ચાલો.
મેળામાં જઈ શું શું ખાઈશું ?
પાણી-પૂરી ભેળ ખાઈશું,
ઠંડો ઠંડો આઈસ્ક્રીમ ખાઈશું,
સાંજે વહેલા પાછા ફરશું.... ચાલો.





દિવાળીના દિન

આવ્યા રે આવ્યા, દિવાળીના દિન,
હો નાચે મારું દિલડિયું,
વાઘબારસ આવી ને, ઝાળાં રે પાડ્યાં,
લીંપી-ગૂંપી ઉજાળ્યાં ઘરબાર -હો નાચેo
ધનતેરસ આવી, ધેનુને શણગારી,
દોડે, દોડે, ગાયોના ગોવાળ-હો નાચેo
કાળી ચૌદશ આવી, ને કાળને કાઢ્યો,
કાળા કાળા, આંજણિયાં અંજાય-હો નાચેo
દિવાળી આવી ને, દિપમાળા લાવી,
લક્ષ્મીજીનાં પૂજનિયાં થાય-હો નાચેo
નવા રે વરસના, નવા રે પ્રભાતે,
હળીમળી, સૌ, હોંશે હરખાય-હો નાચેo
ભાઈબીજ આવી ને, ભાઈને જમાડ્યા,
બેનીબાનો હરખ ન માય - હો નાચેo

- તારાબહેન જમોડ

નૃત્ય / અભિનય ગીતો

પરીઓનો દેશ

પરીઓનો દેશ, આ તો પરીઓનો દેશ,
રૂડો ને રૂપાળો, પરીઓનો દેશ.
રૂમઝૂમ કરતી હું તો ચાલું,
છૂમ છૂમ કરતી હું તો નાચું,
ગીત મધુરાં હું તો ગાઉં,
સા રે ગ મ ગ રે સા (૨) પરીઓનો૦
તારલિયા તો ઝીણું ઝબકે,
તેને જોઈને મુખડું મલકે,
રાસે રમતાં, ઢોલ ઢબૂકે,
ઢમ ઢમ, ઢમ ઢમ, ઢમ ઢમ ઢમ(૨) પરીઓનો૦
ચાંદામામા ખૂબ જ ગમતા,
સંતાકૂકડી સાથે રમતા,
હસતાં હસતાં, કૂદડી ફરતા,
વ્હાલો એનો વેશ વ્હાલો એનો વેશ-પરીઓનો૦

ગાયો ચરાવવા કા'ન ગયો'તો

ગાયો ચરાવવા કા'ન ગયો'તો,
અમે પણ કા'ન સંગ જાશું રે (૨)
હાથમાં લઈ લાકડી, ખભે કાળી કામળી,
ગીતો મઝાનાં ગાશું રે... અમે પણ કા'ન સંગ...
મીઠી મીઠી મોરલી, કા'નો વગાડે તો,
અમે પણ મોરલી વગાડશું રે.... અમે પણ કા'ન સંગ....
ઘૂંઘરૂ બાંધી કા'ન થૈ થૈ નાચે'તો,
અમે પણ થૈ થૈ નાચશું રે.... અમે પણ કા'ન સંગ....
પૂનમની રાતે કા'ન રાસે રમે તો,
અમે પણ રાસે રમશું રે.... અમે પણ કા'ન સંગ....
દાંડિયા ધનાધન કાનજી દે તો,
અમે પણ દાંડિયા ઝીંકશું રે... અમે પણ કા'ન સંગ....
ગાયો ચરાવવા....

- અનિરૂદ્ધ તન્ના

લગ્ન ગીતો



સામૈયું કરવા જાતા

મારો માનસરીખો માંડવો, તમારી જોયા સરીખી જાન, પધારો, શેઠિયા.
તમને કોણસ તેડા મોકલે ? તમને કોણસ દેશે માન ? પધારો, શેઠિયા.
તમને રામભાઈ તેડાં મોકલે, તમને કુશભાઈ દેશે માન, પધારો શેઠિયા.
તમને ઉતારા દેશું ઓરડા, વરરાજાને મેડના મોલ ! પધારો, શેઠિયા.
તમને દાતણ દેશું દાડમી, વરરાજાને કરેણી ડાળ ! પધારો, શેઠિયા.
તમને ન્હાવણ દેશું કૂંડીઉં, વરરાજાને નદીના નીર! પધારો, શેઠિયા.
તમને ભોજન દેશું લાપસી, વરરાજાને ઘેવરિયો કંસાર! પધારો, શેઠિયા.
તમને મુખવાસ દેશું એલચી, વરરાજાને પાન પચાસ! પધારો, શેઠિયા.
તમને પોઢણ દેશું ઢોલિયા, વરરાજાને સેજ પલંગ! પધારો, શેઠિયા.
તમને રમત દેશું સોગઠાં, વરરાજાને પાસાની જોડ! પધારો, શેઠિયા.

માંડવાનું ગીત

નાણાવટી રે સાજન બેઠું માંડવે. લાખોપતિ રે સાજન બેઠું માંડવે.

જેવી ભરી સભાના રાજા	એવા___ભાઈ/બહેનના દાદા..... નાણાવટી રે....
જેવી ભરત ભરેલી સાડી	એવા___ભાઈ/બહેનના માડી..... નાણાવટી રે.....
જેવા અતલસ માયલા તાકા	એવા___ ભાઈ/બહેનના કાકા..... નાણાવટી રે....
જેવી સૂતર માંયલી આંટી	એવા___ભાઈ/બેનની કાકી..... નાણાવટી રે.....
જેવા સરોવર પાળે આંબા	એવા___ભાઈ/બહેનના મામા..... નાણાવટી રે.....
જેવા હાર માયલા હીરા	એવા___ ભાઈ/બહેનના વીરા..... નાણાવટી રે.....
જેવી તાંદળજાની ભાજી	એવા___ ભાઈ/બહેનના ભાભી..... નાણાવટી રે....
જેવી ફૂલ ગુલાબની વેલી	એવી___ ભાઈ/બહેનની બેની..... નાણાવટી રે....



જાન વળાવતાં

સોનલાકાંકસડીને રૂપલા વાટકડી, ... બાઈ વેઠ્યું ગૂંથાવે રે .
.... બાઈના દાદા શીખામણ દિએ છે :
"સાસરે સારું કહેવરાવજો રે; કુળ અમારાં દીપાવજો રે" સોનલા....
.... બાઈનાં માતાજી શીખામણ દિએ છે :
"સાસરે સારું કહેવરાવજો રે; કુખ અમારી દીપાવજો રે." સોનલા....

સમૂહ ગીતો

એક જ ડાળનાં પંખી

એક જ ડાળના પંખી, અમે સહુ એક જ ડાળનાં પંખી
વિહરીએ કદી આભમાં ઉંચે, ઉડી ઉડી કદી આવીએ નીચે,
કિલ્લોલ કરતાં રહેતાં ઉમંગી -અમે ૦
સુખમાં ને દુઃખમાં સાથે જ રહીએ,
લઢીએ વઢીએ, કદી જુદાયે થઈએ,
તોયે નિરંતર રહેતાં સંપી-અમે ૦
ધરતીને ખોળે બાળ અમે સહુ કરીએ કુદરત ગાન અમે સહુ
જીવન કેરા પ્રવાસનાં પંથી-અમે ૦

હમ હોંગે કામયાબ

હમ હોંગે કામયાબ, હમ હોંગે કામયાબ
હમ હોંગે કામયાબ એક દિન..
ઓ... મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ
હમ હોંગે કામયાબ એક દિન.
હોગી શાંતિ ચારોં ઔર, હોગી શાંતિ ચારોં ઔર
હોગી શાંતિ ચારોં ઓર એક દિન..
ઓ મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ
હમ હોંગે કામયાબ એક દિન.
હમ ચલેંગે સાથ સાથ, હમ ચલેંગે સાથ સાથ
ડાલ હાથોં મે હાથ, હમ ચલેંગે સાથ સાથ એક દિન.
ઓ... મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ
હમ હોંગે કામયાબ એક દિન.
નહીં ડર કિસીકા આજ, નહીં ડર કિસીકા આજ
નહીં ડર કિસીકા આજ કે દિન..
ઓ... મનમેં હે વિશ્વાસ પૂરા હૈ વિશ્વાસ
હમ હોંગે કામયાબ એક દિન..

વાતાં ગીતો

એક હતી ડોશી....

એક હતી ડોશી, જાત્રાની હોંશી; કાચલીને વ્હાણે, ચાલી તે ટાણે.
કાચલીમા કાણાં, ક નીર ભરાણાં; ડોશી ગઈ બૂડી નેં વાત ગઈ ઊડી !

અતો નતો ને ફતો

અતો નતો ને ફતો
શોખ ત્રણેમાં હતો.
જમી કરીને ઉઠ્યા,
સોપારી ખાવા છૂટ્યા.
અતો સોપારી લાવ્યો,
નતો સૂડી લઈ આવ્યો,
ફતો કાપવા બેઠો.
થાકીને બેઠો હેઠો.
ત્રણે પછી તો ચટક્યા,
સૂડીની ઉપર લટક્યા,
જોર કર્યું ત્યાં એવું,
ફટાક થયું ભાઈ કેવું !
સોપારી ભાંગી તડાક,
પડ્યા ત્રણે યે ધડાક !!!

વાત રે વાત

વાત રે વાત
એક બોરડીનો કાંટો અઢાર હાથ.
તે પર વસ્યાં ત્રણ ગામ
બે ઉજજડ ને એક વસે નહિ.
તેમાં આવ્યા ત્રણ કુંભાર
બે આંધળા એક દેખે નહિ.
તેણે ઘડી ત્રણ તોલડી
બે ફુટેલી એક સાજી નહિ.
તેમાં ઓર્યા ત્રણ મગ
બે ગાંગડું ને એક ચડે નહિ.
તેમાં નોતર્યા ત્રણ બ્રાહ્મણ
બે ઉપવાસી ને એક જમે નહિ.
તેને આપી ત્રણ ગાય
બે બરોલને એક વિયાય નહિ.
તેને આવ્યા ત્રણ આખલા
બે ગળિયા ને એક ચાલે નહિ.
તેને વાવ્યાં ત્રણ ભાઠોડાં
બે ઉખર ને એકમાં ઉગે નહિ.
તેમાં આવ્યા ત્રણ કળતરૂ
બે આધળા ને એક દેખે નહિ.
તેને આપ્યા ત્રણ રૂપિયા
બે બોદા ને એક ચાલે નહિ.

પ્રવૃત્તિ ગીતો

રોપું

મોગરો રોપું
વડલો રોપું
રોપું રે વળી બોરડી નાની.
બાજરી વાવું
આંબો વાવું
વાવું રે વળી રાયણ નાની.

આંગણે જમીન ખોદી ખોદી,
કીધી રૂ જેવી પોચી પોચી,
પાણી રેડી, બિયાં વેરી,
ઉગશે કાલે એમ વિચારી,
સૂતો વાસી દઈને બારી.

મોગરો ફુટ્યો
વડલો ફુટ્યો
ફુટી રે વળી બોરડી નાની.
બાજરી ફુટી
આંબો ફુટ્યો
ફુટી રે વળી રાયણ નાની.

ફૂલડાં થાશે, ટેટા થાશે,
થાશે રે વળી બોર મજાનાં.
ડુંડા થાશે, કેરી થાશે,
થાશે રે વળી રાયણ નાનાં.
એમ વિચારી, લઈને ઝારી,
પાણી પાતો, હું હરખાતો.

- સોમાભાઈ ભાવસાર

રેતીમાં રંગભેર

અમે રેતીમાં રંગભેર રમતાં'તાં
અમે ભાઈબહેન સૌન ગમતાં'તાં.... અમે૦
અમે શેરીમાં, સાતતાળી રમતાં'તાં
અમે હસીને સૌને હસાવતાં'તાં.... અમે૦
અમે વાડામાં દોડમદોડ કરતાં'તાં
ફૂલ વીણીને ફૂલછાબ ભરતાં'તાં.... અમે૦
અમે ચાંદાની ચાંદનીમાં રમતાં'તાં,
ઝીણા ટમટમતા, તારલિયા ગણતાં'તાં.... અમે૦
અમે માટીનો મોરલો બનાવતાં'તાં,
એને જોઈ જોઈ આનંદે, નાચતાં'તાં
અમે રેતીમાં રંગભેર રમતાં'તાં.

ધીરે ધીરે ચાલજો

ધીરે ધીરે ચાલજો દબે દબે ચાલજો,
ખેંચી ખેંચી બાંધજો ભારા ડાંગરના,
ઉંચકી માથે મૂકજો ભારા ડાંગરના.
ઝટ ખળી સાફ કરો, લીંપીગૂંપી સાફ કરો,
ઝૂડો પાટલીએ ભાત-છૂટો પાડવા.
સૂપડે ભરી સાફ કરો લા-લા લા-લા.
ઉંચે જરી હાથ ધરો લા-લા લા-લા.
વાયુરાજ આવતો કચરો ઉડાડતો,
સાફ કરી ચાલતો સર્‌ર્‌ર્‌ર્‌ ભાગતો.
ધીરે ધીરે ચાલજો દબે દબે ચાલજો....

જાંબુડો

જાંબુડો કોણે વાવ્યો ? કોણે વાવ્યો ? કોણે વાવ્યો રે ?
જાંબુડો અમે વાવ્યો, તમે વાવ્યો, આપણે વાવ્યો રે...
જાંબુડો કેમ વાવ્યો ? કેમ વાવ્યો ? કેમ વાવ્યો રે ?
જાંબુડો આમ વાવ્યો, આમ વાવ્યો, આમ વાવ્યો રે...
પાણી કોણે પાયું ? કોણે પાયું ? કોણે પાયું રે ?
પાણી અમે પાયું, તમે પાયું, આપણે પાયું રે...
પાણી કેમ પાયું ? કેમ પાયું ? કેમ પાયું રે ?
પાણી આમ પાયું, આમ પાયું, આમ પાયું રે...
જાંબુડો કેવડો થયો ? કેવડો થયો ? કેવડો થયો રે ?
જાંબુડો આવડો થયો, આવડો થયો, આવડો થયો રે...
જાંબુડાં કેવડાં થયાં ? કેવડાં થયાં ? કેવડાં થયાં રે ?
જાંબુડાં આવડાં થયાં, આવડાં થયાં, આવડાં થયાં રે...
જાંબુડાં કેટલાં ખાધાં ? કેટલાં ખાધાં ? કેટલા ખાધાં રે ?
જાંબુડાં આટલાં ખાધાં, આટલાં ખાધાં, આટલાં ખાધાં રે...
જાંબુડાં કેમ ખાધાં ? કેમ ખાધાં ? કેમ ખાધાં રે ?
જાંબુડાં આમ ખાધાં, આમ ખાધાં, આમ ખાધાં રે...
જાંબુડાં કોણે ખાધાં ? કોણે ખાધાં ? કોણે ખાધાં રે ?
જાંબુડાં અમે ખાધાં, તમે ખાધાં, સૌએ ખાધાં રે...

- શામજીભાઈ જમોડ
- તારાબહેન જમોડ

નિર્માણ ગીતો

આ અમારું ગામ છે

આ અમારું, આ અમારું આ અમારું ગામ છે
મારું નહીં ને તારું નહીં , એનું નહીં પેલાનું નહીં
આપણ સૌનું, આપણ સૌનું, આપણ સૌનું ગામ છે...આ અમારું
ગામમાં ઊંચું કોઈ નહીં , ગામમાં નીચું કોઈ નહીં
ગામ મહીં જે જે વસે તે ભાઈ ભાંડુ આપણા....આ અમારું
બધી ભૂમિ ભગવાનની, સબ સંપત રઘુરાયની
ગ્રામજનો ભેગા ખેડે છે ભોંય બધી ભગવાનની....આ અમારું
ઘંટી-ઘાણી ગામનાં, સાળ-રેંટિયા ગામના
ગામ મહીં જે જે વપરાયે, પેદા થાયે ગામમાં....આ અમારું
ગામમાં દેવાદાર નહીં, વ્યાજખાઉં પણ કોઈ નહીં
વ્યસનો કેરા ભોગ બનેલા ગામમાં કોઈ નહીં....આ અમારું
ગામમાં ઝઘડા હોય નહીં, પક્ષાપક્ષી હોય નહીં
હૈયે હૈયે પ્રેમ વધે ને રાજ રચાયે રામનાં....આ અમારું.

આ અમારો દેશ છે

આ અમારો (૩) દેશ છે. હિંદ અમારો (૩) દેશ છે.
મારો નહીં ને તારો નહીં, એનો નહીં પેલાનો નહીં
આપણ સૌનો (૩) દેશ છે.... આ અમારો..
નદીઓ બધી આપણી, દરિયા બધા આપણા
ડુંગર બધા આપણા; એના મહીંનું સોનું, રૂપું, લોઢું, પથ્થર આપણા
ઝાડ, જંગલ, આપણા ઢોર ઢાંખર આપણા
ખેતર પાદર આપણા ; એની અંદર જે જે પાકે તે બધું છે આપણું
રામ કૃષ્ણ આપણા, બુદ્ધ, મહંમદ આપણા
ગાંધી જવાહર આપણા; આ સંતોને પગલે ચાલે, વિનોબાજી આપણા
સીતા-તારા આપણા, લક્ષ્મી-મીરાં આપણા...
કસ્તુરબા છે આપણા; ભારતમાની સેવા કરતી, સૌ માતાઓ આપણી
એને માટે જીવશે કોણ ? એના માટે મરશે કોણ ?
આ બધું સાચવશે કોણ ?
એને માટે જીવવાનું છે, મરવાનું છે આપણે. આ અમારો..

સ્વાગત / વિદાય ગીતો

આજ મારે આંગણે હો ઉત્સવ અપાર છે !
પ્રભુના પ્રેમા મારે આંગણે પધાર્યા,
પ્રભુના સંગીતસૂર આંગણે ઉતાર્યા;
હર્ષનો ન પાર છે રે, ઉત્સત અપાર છે ! આજ મારે.
પ્રભુ નામનો પરાગ પાવન ફેલાય છે,
અંધારા અંતરમાં અમૃત રેલાય છે;
હર્ષનો ન પાર છે રે, ઉત્સવ અપાર છે ! આજ મારે.
પ્રભુના પ્રેમીનાં દર્શન કરવાથી,
દુઃખ દૂર થાય છે એને મળવાથી;
હર્ષનો ન પાર છે રે, ઉત્સવ અપાર છે ! આજ મારે.
પ્રભુની લીલા જે ઘરમાં ગવાય છે,
વૈભવને સુખશાંતિ તેમાં છવાય છે;
હર્ષનો ન પાર છે રે, ઉત્સવ અપાર છે ! આજ મારે.
પ્રભુના પાગલ એવા પ્રેમીનાં સંગમાં,
મુક્તિ વેચાય છે પ્રેમીના સંગમાં ;
હર્ષનો ન પાર છે રે, ઉત્સવ અપાર છે, આજ મારે.

- યોગેશ્વર

મહેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !
તમ ચરણો અમ સદન સદૈવ સુહાય જો !
કરજો માફ હજારો પામર પાપ, જે -
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય, જો !
મહેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !
ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં તમે ,
ઉતર્યા રંકઘરે શો પુણ્ય પ્રભાવ જો !
શુશ્રુષા સાવરીના અમને આવડી :
લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવ જો !
મહેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !

- મણિશંકર

રાષ્ટ્રીય ગીતો

વન્દે માતરમ્

વન્દે માતરમ્
સુજલાં સુફલાં મલયજશીતલાં
શસ્ય-શ્યામલાં માતરમ્....
- વન્દે.

શુભ્ર જ્યોત્સના-પુલકિત-યામિની;
ફુલ્લ-કુસુમિત-દ્રુમદલ-શોભિની;
સુહાસિની, સુમધુર-ભાષિણી
સુખદાં વરદાં માતરમ્....
- વન્દે.

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

રાષ્ટ્ર ગીત



જનગણમન

જનગણમન - અધિનાયક જય હ,
ભારત ભાગ્ય વિધાતા !
પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા
દ્રાવિડ ઉત્કલ બંગ,
વિન્ધ્ય હિમાચલ યમુના ગંગા
ઉચ્છલ - જલધિતરંગ
તવ શુભ નામે જાગે,
તવ શુભ આશિષ માંગે,
ગાહે તવ જયગાથા
જનગણ-મંગલદાયક જય હે
ભારત - ભાગ્ય વિધાતા !
જય હે ! જય હે ! જય હે !
જય જય જય જય હે !

- રવિન્દ્રનાથ ઠાકુર

જીવનતીર્થ પ્રકાશન

ગીતોભર્યું જીવન — લેખન-સંપાદન : રાજુ-દીપ્તિ

ટાઈપ સેટીંગ: અક્ષર નિર્માણ — મુદ્રક : અંબિકા પ્રિન્ટીંગ પ્રેસ દ્વારા નીતિન ઓફસેટ

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી '૯૮ — છૂટક કિંમત : રૂ. ૧૦-૦૦

પ્રાપ્તિસ્થાન : જીવનતીર્થ, C/o રાજુ-દીપ્તિ, જૂના કોબા, ગાંધીનગર- ૩૮૨૦૦૯ ફોન : (૦૨૭૧૨) ૭૬૨૩૬

વૃક્ષ - પ્રેમ ગરબો

(રાગ : રૂડો ગરબો રમે છે દેવી અંબિકા રે..)

વૃક્ષ વહાલાં રઘુપતિ રામને રે
વૃક્ષ વહાલાં રાધા કેરા શ્યામને રે... વૃક્ષ.
વૃક્ષ વાવીને મેઘને મનાવીએ રે,
વૃક્ષ વાવીને સમૃદ્ધિ લાવીએ રે.... વૃક્ષ.
વૃક્ષ વાટે જતાં નો વિરામ છે રે,
એ તો ગોધનને બેસવાનું ધામ છે રે... વૃક્ષ.
વૃક્ષ છાજ બનીને શોભતું રે,
એ તો બારણું બનીને ઓપતું રે.... વૃક્ષ.
વૃક્ષ બાળકને પારણે પોઢાવતું રે,
બની એકતારો ઈશને આરાધતું રે.... વૃક્ષ.
વૃક્ષ અંગે કુહાડો ન મારીએ રે,
એને કાપીએ તો રૂઠે દિનાનાથજી રે..... વૃક્ષ.
વૃક્ષનું જતન કરીને ઉછેરીએ રે,
એનો જન્મથી મૃત્યુ લગી સાથ છે રે..... વૃક્ષ